ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અને સાયન્સ જેવી દેશની શ્રેષ્ઠત્તમ સંસ્થાઓમાં પ્રવેશ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા હાંસલ કરવા

સાયન્સના વિદ્યાર્થીઓ માટે ૧૨ દિવસના ક્રેશ-કોર્સનું ગણપત યુનિવર્સિટી દ્વારા આયોજન સંપન્ન

ઉત્તર ગુજરાતની વિવિધ કોલેજોના બી. એસ. સી.ના ૧૦૦ જેટલાં વિદ્યાર્થીઓને ૧૨ દિવસમાં ૧૨૦૦ કલાકની સઘન તાલીમ અપાઈ !: ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનના સંપૂર્ણ આર્થિક સહયોગને કારણે તાલીમ તદ્દન નિઃશુલ્ક અપાઈ

ગણપત વિદ્યાનગર, તા. ૫

ગણપત યુનિવર્સિટીની સાયન્સ કોલેજ - " મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયંસીસ " દ્વારા ગઈ તારીખ ૨૩ જાન્યુઆરીથી તારીખ ૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન ૧૨ દિવસ માટે વિજ્ઞાનના વિદ્યાર્થીઓને અનુસ્નાતક કક્ષાએ દેશની શ્રેષ્ઠત્તમ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પ્રવેશ મળી શકે તેવા ખાસ ક્રેશ-કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

રવિવારની કે બીજી કોઈ જાહેર રજા રાખ્યા વિના સતત ચાલેલી આ ૧૨ દિવસની સઘન તાલીમ પછી આ વિદ્યાર્થીઓને પોતાના અનુસ્નાતક (માસ્ટર ડિગ્રી) કક્ષાના કોર્સ માટે દેશની આઈ. આઈ. ટી. (IIT), આઈ. આઈ. એસસી. (IISc.), ટી. આઈ. એફ. આર. (TIFR) અને કેન્દ્રીય વિશ્વવિદ્યાલય (સેન્ટ્રલ યુનિવર્સિટી - Central University) જેવી સંસ્થાઓમાં લેવાતી પ્રવેશ પરીક્ષાઓમાં ઉતીર્ણ થવાનું સરળ બને એ આ ક્રેશ-કોર્સનો હેતુ હતો. ગુજરાત સરકારે સ્થાપેલી સંસ્થા " ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (GSBTM) નું એક યુનિટ વિદ્યાર્થીઓમાં આ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉતીર્ણ કરી શકે એવી ક્ષમતા કેળવવા ખાસ તાલીમ પુરી પાડવા માટે જ કામ કરે છે, તેનું નામ છે - "N - BT - CBC" એટલે કે " નેટવર્ક ઑફ બાયોટેકનોલોજી કેપેસિટી બિલ્ડિંગ સેલ ".આ સેલ દ્વારા આયોજિત આ ક્રેશ - કોર્સને આર્થિક સહયોગ ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો જેથી

ગણપત યુનિવર્સિટીની સાયન્સ કોલેજ ઉપરાંત સમગ્ર ઉત્તર ગુજરાતની વિવિધ અનેક કોલેજોના સ્નાતક કક્ષાના (યુજી લેવલના) ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને બારે બારે દિવસ ગણપત યુનિવર્સિટીના કેમ્પસ ઉપર ભોજન - નિવાસની સુવિધા નિઃશુલ્ક પુરી પાડી ૧૨૦૦ કલાકની સઘન તાલીમ આપવામાં આવી હતી, જેમાં એમને મોક-ટેસ્ટ પણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.. આ કાર્ય શિબિર (ક્રેશ કોર્સ)ના ઉદઘાટન સમારોહમાં ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, રાયસણના જે. એમ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગના ડાયરેક્ટર ડૉક્ટર ભાનુકુમાર જૈન, ગણપત યુનિવર્સિટીની સાયન્સ અને ફાર્મસી ફેકલ્ટીના એક્સિક્યુટીવ ડીન ડૉ. એસ. એસ. પંચોલી અને યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના ડીન ડૉ. અમિત પરીખ સહિત અનેક વિદ્વાન પ્રાધ્યાપકો અને આમંત્રિતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગણપતભાઈ પટેલે એમના સંબોધનમાં વિદ્યાર્થીઓને આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મૂળભૂત સિદ્ધાંતો શીખવાનું મહત્વ સમજાવી પ્રોત્સાહિત કર્યાં હતા, તો, ડૉ. ભાનુકુમાર જૈને સાંપ્રત સમયમાં માનવજાત દ્વારા જે સમસ્યાઓનો સામનો કરવામાં આવી રહ્યો છે તેનો વિજ્ઞાન દ્વારા કેવી રીતે ઉકેલ આવી શકે તે દિશામાં અભ્યાસ - સંશોધન કરવા અનુરોધ કરી બાયોટેકનોલોજીનું મહત્વ સમજાવ્યું હતું. આ તાલીમ શિબિરનું ત્રીજી તારીખે આમંત્રિત નિષ્ણાતો, સરકારી અધિકારીઓ અને વિદ્વાન પ્રાધ્યાપકોની ઉપસ્થિતિમાં સમાપન કરવામાં આવ્યું હતું. સૌ વિદ્યાર્થીઓને આ ૧૨ દિવસની સઘન તાલીમ બાદ સફળતા માટે આશીર્વાદ અને શુભ કામનાઓ પાઠવવામાં આવ્યાં હતાં. આ કોર્સને સફળ બનાવવામાં યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્માનું માર્ગદર્શન પણ મહત્વનું બની રહ્યું હતું. આ સમગ્ર ક્રેશ - કોર્સનું સફળ સંચાલન ડૉ. હાર્દિક શાહ અને ડૉ. પ્રીતિ પટેલે કર્યું હતું.

પ્રાંતિજના મોયદ ખાતે ઝાઝરીવાળા અંબે માતાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

૫૧ યજમાનોએ સજોડે ધર્મ લાભ લીધો

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે ઝાઝરીવાળા અંબે માતાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રંગચંગે યોજાયો હતો.

મોયદ ખાતે યોજાયેલ મહોત્સવમાં ૫૧ યજમાનો એ સજોડે ધર્મ લાભ લીધો હતો આ મહોત્સવ માં શોભાયાત્રા, પૂજા અર્ચના સહિત ના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા શાસ્ત્રી કલ્પેશભાઈ જોશી દ્વારા મંત્રોચાર દ્વારા પૂર્જા અર્ચના કરવામાં આવ્યા હતી અને મંત્રોચાર થી વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું પ્રસંગે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર , મહાવીરસિંહબાપુ , પ્રદિપસિંહ રાઠોડ , દિલિપસિંહ મકવાણા , જિલ્લા સદસ્ય મહેન્દ્રસિંહ રાઠોડ ગામ સરપંચ તથા સમસ્ત મોયદ ગામ ગ્રામજનો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું સૌ ભક્તો દર્શન નો લાભ લીધો હતો.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે વિશ્વ કેન્સર દિવસ નિમિતે ગુજરાત નર્સિંગ કોલેજ દ્વારા રેલી યોજવામાં આવી હતી. પ્રાંતિજ ના મોયદ ખાતે વિશ્વ કેન્સર દિવસ ને લઈ ને રેલીયોજાઈ હતી આ રેલી માં કેન્સર વિશે જાગૃતિ લાવવા માટે રેલી યોજી માર્ગદર્શન તેમજ કેન્સર ને લગતી માહિતી આપવામાં આવી હતી આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કોલેજ ના આચાર્ય હાર્દિક ગઢવી , ટ્રસ્ટી ભાન શુભાન સિંહ રાઠોડ , વિકલ્પ ભાઈ પટેલ , કોલેજ સ્ટાફ અને વિધાર્થી ગણ હાજર રહી રેલી યોજી હતી.

પ્રાંતિજ આંગણવાડી ખાતે સચિવ દ્વારા મુલાકાત લીધી

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ઘટક-૨ ની અર્બન સેજા માં આવેલી ભાંખરીયા ટેકરો આંગણવાડી ૨ ની સચિવ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. મહિલા બાળ વિકાસ વિભાગ ગાંધીનગર , સચિવ કે કે નિરાલા અને અમદાવાદ ઝોન આર ડી ડી ઈલાબા રાણા , પોગ્રામ ઓફિસર મિલન બેન મહેતા દ્વારા આંગણવાડી ની મુલાકાત લીધી હતી આ મુલાકાત માં રેકર્ડ રજીસ્ટર, પોષણ ત્રેકાર, પૂરક પોષણ ના લાભાર્થી ની સમીક્ષા કરવામાં આવી. આંગણવાડી કેન્દ્ર માં આપવામાં આવતી સેવાઓ અને પ્રવૃત્તિઓ ની બાબતે નિરીક્ષણ કર્યું હતું તેમજ પ્રાંતિજ સંકલિત બાળવિકાસ યોજના ની કચેરી ની મુલાકાત લીધી હતી તેમજ પ્રાંત અધિકારી મહિપતસિંહ ડોડીયા, મામલતદાર સાથે પણ મુલાકાત લીધી હતી તેમજ સી ડી પી ઓ રશ્મિકા બેન પ્રજાપતિ, મેહુલ લેઉં આ બ્લોક ઓર્ડીનેટર તથા સ્ટાફ ની મીટીંગ લેવામાં આવી હતી તેમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી

રાજકોટ નજીક વસતાં સંસારમાંથી સંન્યાસ લીધેલા અમરસિંહ બાપુની યાદમાં ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

ડીસા, તા. ૫

રાજકોટ શહેરમાં આવેલા ભગવતી પુરા ખાતે રહેતા મૂળ ઉત્તર પ્રદેશના વતની અશિયા લોધા પરિવારના રતનસીગ શાંતિલાલ વસવાટ કરે છે જ્યાં અમરસિંહ બાપુ પણ રહ્યા હતા ત્યારે છેલ્લા વીસ વર્ષથી સંસારમાંથી સંન્યાસ લીધા પછી રાજકોટથી વીસ કિલોમીટર દૂર આવેલા નાગલપુર વીડી વિસ્તારમાં રહેતા અમરસિંહ બાપુએ ૬/૩/૨૦૨૧ દેહત્યાગ કર્યો હતો ત્યારથી તેમના મૂળ ઉત્તર પ્રદેશના વતની રતનસીગ શાંતિલાલ અશિયા લોધા પરિવારજનો? દ્વારા નાગલપુરની વીડી ખાતે સ્વર્ગસ્થ પિતૃઓને શ્રદ્ધાંજલિ સ્વરૂપે ૨ વર્ષથી તેમના આત્માને શાંતિ અર્પવા માટે વિવિધ ધાર્મિક

કાર્યક્રમોનું સાથે હોમ હવન અને મહાપ્રસાદનું આયોજન તેમના પરિવારજનોમા રતનસીગ શાંતિલાલ અશિયા લોધા દ્વારા કરવામાં આવે છે ત્યારે આ વર્ષે તેમના કુળદેવી મહાકાળી હિંગળાજ તથા સર્વ પિતૃ દેવતાઓની અસિમ કૃપાથી પરમ પૂજ્ય ગુરુ શ્રી અમરસિંહ બાપુનો દિવ્ય મૂર્તિનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના યજમાન મુખ્ય આચાર્ય હિરેનભાઈ દવે મહારાજના વરદ હસ્તે રાખવામાં આવ્યો છે જેમાં ગત તારીખ ૩/૨/૨૦૨૩ના રોજ આરતી અને અન્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યારે આજે દેહ શુદ્ધિ, ગણેશ પૂજન, પુનઃ વાંચન, પંચાંગ કર્મ સ્થાપિત પૂજન, ગ્રહમંડપ પ્રવેશ, જલયાત્રા પ્રવેશ સંયાદીવાસ, મૂર્તિ સ્થાપન ત્યારબાદ સાંજે પૂજન અને મહાઆરતીના કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. જ્યારે આવતીકાલે સ્થાપન પૂજન, પૂજા શાંતિ, હોમ કુટીર, ઓમ પ્રસાદ પ્રધાન પૂજન અને પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી અમરસિંહ બાપુની શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.આ ધાર્મિક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ડીસા તથા આજુબાજુના તેમજ રાજકોટ અને ગુજરાતભરમાંથી મૂળ ઉત્તર પ્રદેશના વતની અશિયા લોધા સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

ધાનેરા ખાતે તાલુકા કક્ષાનો આયુષ મેળો યોજાયો...

ધાનેરા તા.૫

બનાસકાંઠા જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા પાલનપુર દ્વારા તા.૩ જી ફેબ્રુઆરીના રોજ ધાનેરાની તાલુકા મિશ્ર શાળા નંબર-૧ જે ડી.બી.હાઈસ્કૂલની બાજુમાં બસ સ્ટેન્ડથી નેનાવા રોડ ધાનેરા તા.ધાનેરા જિ. બ.કા,ખાતે તાલુકા કક્ષાના આયુષ મેળાનું આયોજન કરવામા આવ્યું હતુ. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,જેમા આયુર્વેદ તેમજ હોમીઓપથી પધ્ધતિ દ્વારા દર્દીઓના રોગોનું નિદાન કરી સાંધા,મણકા, વા,કમરના દુખાવામાં ત્વરીત રાહત આપતી અગ્નિકર્મ ચિકિત્સા સહિતની સારવાર નિષ્ણાત તબીબોએ આપી હતી વધુમાં હાલના સમયમાં ઉપયોગી એવી વનસ્પતીઓ અને યોગ અંગેની આયુષ પ્રદર્શની પણ ગોઠવવામાં આવેલ તથા આપની પ્રકૃતિ દ્વારા આપને થતા લાભ અને વૃધ્ધાવસ્થાજન્ય રોગો અને તેનો ઉપચાર વિષે પણ સમજણ આપવામા આવી હતી. જેમા ધાનેરા તથા તાલુકાની ખુબ જ બહોળી સંખ્યામાં જાહેર જનતાને આ આયુષ મેળાનો લાભ લીધો હતો . આરોગ્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓ અને જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી જિ.પં.બ.કાં, પાલનપર હાજર રહ્યા હતા.

તા.૧૨ એપ્રિલે બાયડ, ૨૭ એપ્રિલે માલપુર માર્કેટયાર્ડની ચૂંટણી, ૩૧ બેઠકો માટે જામનારો જંગ

અરવલ્લીની બાયડ-માલપુર માર્કેટયાર્ડની ચૂંટણી જાહેર થતાં સહકારી રાજકારણ ગરમાયું : બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં આવેલી સહકારી સંસ્થાઓની ચૂંટણીનો જંગ લડાયક બનવાની સંભાવના

બાયડ, તા.૫

અરવલ્લી જિલ્લાની મુદત પૂર્ણ કરતી બાયડ અને માલપુર માર્કેટયાર્ડની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં સહકારી રાજકારણ ગરમાયું છે. ખાસ કરીને અગાઉ કોંગ્રેસના પ્રભુત્વવાળા વિધાનસભા મત વિસ્તારની બે સહકારી સંસ્થાઓમાં ચૂંટણીનો જંગ લડાયક બનવાની સંભાવના છે. બાયડ માર્કેટયાર્ડની ૧૬ અને માલપુર માર્કેટયાર્ડની ૧૫ મળી કુલ-૩૧ બેઠકો માટે ખરાખરીનો જંગ જામશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખેત ઓજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા ગુજરાત ખેત ઉત્પાદન બજાર અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૧માં કરેલ જોગવાઈ અનુસાર બાયડ અને માલપુર માર્કેટયાર્ડની હાલની કમીટીની મુદત પૂરી થતી હોવાથી કમીટીની સામાન્ય ચૂંટણી અંગેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે અને આ માટે ગુજરાતના ખેતીનાં ઉત્પન્ન બજારો બાબતના નિયમો ૧૯૬૫ના નિયમ-૧૦(૨) હેઠળ નોટિસ પ્રસિદ્ધ થઈ છે જે મુજબ બાયડ માર્કેટયાર્ડમાં ખેડૂત મત વિભાગમાં ૧૦, વેપારી મત વિભાગમાં ૪, સહકારી ખરીદ વેચાણ મંડળીઓના મત વિભાગમાં ૨ મળી કુલ-૧૬ બેઠક તેમજ માલપુર માર્કેટયાર્ડમાં ખેડૂત મત વિભાગમાં ૧૦, વેપારી મત વિભાગમાં ૪ અને સહકારી ખરીદ વેચાણ મંડળીઓના મત વિભાગમાં ૧ મળી કુલ-૧૫ બેઠક માટે ચૂંટણી અંગેનું જાહેરનામું અમલી બન્યું છે. બાયડ માર્કેટયાર્ડમાં ચૂંટણી જંગમાં શુક્રવારે મતદાર યાદીની પ્રાથમિક પ્રકાશન યાદી પ્રસિદ્ધ થઈ છે અને તા.૧૬ ફેબ્રુઆરીએ સુધારા-વધારા માટે અરજી, વાંધાઓ અને તા.૨ માર્ચના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થશે. જ્યારે માલપુર માર્કેટયાર્ડમાં તા.૧૩ ફેબ્રુઆરીએ મતદાર યાદીનું પ્રાથમિક પ્રકાશન યાદી મંગાવવાની તારીખથી ૭ દિવસની અંદર અને આખરી મતદાર યાદી ૧૪ માર્ચના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે. માલપુર માર્કેટયાર્ડમાં તા.૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાશે અને તા.૨૮ એપ્રિલ મત ગણતરી અને પરિણામ જાહેર થવાનું છે. અત્યારે બાયડ એ.પી.એમ.સી.માં ભાજપ અને માલપુર એ.પી.એમ.સી.માં કોંગ્રેસનું શાસન છે પરંતુ તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને ભાજપના વાવાઝોડામાં પણ હરાવીને અપક્ષ ઉમેદવાર ધવલસિંહ ઝાલા ચૂંટાઈ આવતાં આ વખતનો બંન્ને માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ રસાકસી ભર્યો બની રહેશે તેવું જાણવા મળ્યું છે.ભાજપ દ્વારા દૂધ અને દહીંમાં હાથ રાખતા સહકારી આગેવાનોને કોઈપણ સંજોગોમાં ચૂંટણીના મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય લેવાયો છે.

અરવલ્લી : મોડાસા ટાઉન પોલીસે બિલ્લા ગેંગના બે આરોપીને ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી, ત્રણ બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલાયો

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ મોડાસા ટાઉન પોલીસે શહેરમાં બાઈક ચોરીના ગુન્હા આચરતી ગેંગને ઝડપી પાડવા દોડાદોડી કરી રહી છે આણંદ જીલ્લાના બાપોદ પોલીસે બાઈક ચોરીના ગુન્હામાં બિલ્લા ગેંગના મુખિયા અને સાગરીતને દબોચી લેતા બિલ્લા ગેંગ મોડાસા શહેરમાં બે બાઈક ચોરીના ગુન્હાને અંજામ આપ્યાનું બહાર આવતા ટાઉન પોલીસે બિલ્લા ગેંગના બંને આરોપીને ટ્રાન્સફર વોરંટના આધારે ઝડપી પાડી વધુ એક બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી ૮૦ હજારની ત્રણ બાઈક રીકવર કરી કાયદેસરની કાર્યવાહી

હાથધરી હતી. મોડાસા ટાઉન પીઆઈ ડી.કે.વાઘેલા અને તેમની ટીમે શહેરમાં બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા નેત્રમ સહીત બાતમીદારો સક્રિય કરવા છતાં બાઈક ચોર ગેંગ પકડથી દૂર હતી શહેરમાં બાઈક ચોરી કરતી બિલ્લા ગેંગનો મુખિયા કઉં-કુકરીનો હુસેન ઉર્ફ બિલ્લો યાસીન ભટ્ટી અને રાજસ્થાનના માલકોલડાના શાંતિલાલ ઉર્ફે સોનુ લક્ષ્મણ પારધીને બાપોદ પોલીસે દબોચી લેતા ટાઉન પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી શહેરના જુદા-જુદા વિસ્તારમાંથી ચોરી કરેલ ત્રણ બાઈક મળી રૂ.૮૦ હજારના મુદ્દમાલની ત્રણ બાઈક રિકવર કરી ત્રણ બાઈકચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી બંને આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા